હવામાનમાં બદલાતી પેટર્નને કારણે ટૂંકા ગાળામાં ભારે વરસાદ અને ત્યારબાદ લાંબા વિરામનું ચક્ર

સિઝનનો વરસાદ 85 ઈંચની નજીક

નવસારીમાં વરસાદે વિરામ લીધો, ખેડૂતોને રાહત

ચીખલી-વાંસદામાં સરેરાશથી વધુ વરસાદ ઝીંકાયો

નવસારીઃ અવિરત વરસાદ બાદ નવસારી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી મેઘરાજાએ વિરામ લીધો છે. 1 ઓગસ્ટે જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં માત્ર 1 મીમી સુધીનો છૂટોછવાયો વરસાદ નોંધાયો હતો, જેના કારણે ખેડૂતોને પાક સંરક્ષણ, નિંદામણ અને અન્ય કૃષિ કામગીરી માટે અનુકૂળ માહોલ મળ્યો છે. સત્તાવાર આંકડા મુજબ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષનો સરેરાશ મોસમી વરસાદ 91.2 ઈંચ છે, જ્યારે ચાલુ સિઝનમાં અત્યાર સુધીમાં 85 ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

તાલુકાવાર સ્થિતિ મુજબ ચીખલીમાં સરેરાશ 87.9 ઈંચ સામે 94.6 ઈંચ, જ્યારે વાંસદામાં સરેરાશ 89.4 ઈંચ સામે 93.3 ઈંચ વરસાદ નોંધાતા બંને તાલુકાઓએ પાંચ વર્ષનો સરેરાશ વરસાદ વટાવી દીધો છે. ખેરગામમાં સૌથી વધુ 101.6 ઈંચ વરસાદ નોંધાયો છે.

જોકે તે પાંચ વર્ષની 116.9 ઈંચની સરેરાશ કરતાં ઓછો છે. અન્ય તાલુકાઓમાં નવસારીમાં 76 ઈંચ (સરેરાશ 92.7 ઈંચ), જલાલપોરમાં 68.8 ઈંચ (સરેરાશ 78.2 ઈંચ) અને ગણદેવીમાં 75.8 ઈંચ (સરેરાશ 82.1 ઈંચ) વરસાદ નોંધાયો છે. હવામાનમાં બદલાતી પેટર્નને કારણે ટૂંકા ગાળામાં અતિભારે વરસાદ અને ત્યારબાદ લાંબા વિરામનું ચક્ર જોવા મળી રહ્યું છે. તેમ છતાં પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓમાં પાણીની સારી આવક થતાં જિલ્લાના જળાશયોમાં પૂરતો જળસંગ્રહ નોંધાયો છે.

પૂર્ણા ટાઈડલ ડેમ સાઈટ પરથી રૂપિયા 1.10 લાખની 22 બેટરીની ચોરી

નવસારીઃ નવસારીના કસ્બાપાર ગામ નજીક પૂર્ણા નદી પર નિર્માણાધીન વિયર (ટાઈડલ) ડેમની બાંધકામ સાઈટના સ્ટોરમાંથી અજાણ્યા તસ્કરોએ રૂ. 1.10 લાખની કિંમતની એક્સાઈડ કંપનીની 22 ટ્રક બેટરીઓ ચોરી કરી ફરાર થઈ ગયા છે. 24થી 28 જુલાઈ દરમિયાન પૂરના કારણે સાઈટ પર કામગીરી બંધ હતી અને સિક્યુરિટી ગાર્ડ તેમજ સ્ટાફ હાજર ન હોવાથી તસ્કરોએ પતરાના સ્ટોરના પતરા તોડી અંદર પ્રવેશ કરી ચોરીને અંજામ આપ્યો હતો. રોકડ રકમ ન મળતાં ચોરોએ બેટરીઓની ચોરી કરી હોવાનું પોલીસનું પ્રાથમિક અનુમાન છે. આ બનાવ અંગે ફરિયાદી રાજેન્દ્રસિંહ દિલીપસિંહ પરમારની ફરિયાદના આધારે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

ચોમાસામાં પંચાયત દ્વારા તાડપત્રી ફાળવવામાં આવે તેવી લોકમાં માંગ

ખુલ્લા આકાશ નીચે અંતિમ સંસ્કારની નોબત , આ છે વિકાસ

વલસાડના કપરાડાના માની ગામમાં સ્મશાન ભૂમિના અભાવે ધોધમાર વરસાદ વચ્ચે આકાશ નીચે અંતિમ સંસ્કાર

વલસાડ : કપરાડા તાલુકામાં વિકાસના અનેક દાવાઓ, લાખો કરોડોના ખર્ચે વિકાસના અનેક દાવાઓ વચ્ચે સ્મશાન ભૂમિના અભાવે ભર ચોમાસે માની ગામના ઇસમના અંતિમ સંસ્કાર ખુલ્લા આકાશ નીચે ધોધમાર વરસાદ વચ્ચે કરવાની ગ્રામજનોને ફરજ પડી હતી.

માની ગામના એક સદગૃહસ્થ ઇસમનું 1 ઓગસ્ટે નિધન થયું હતું. જોકે ભારે વરસાદ હોય પરિવારજનો ચિંતામાં પડ્યા હતા કે વરસાદ વચ્ચે અંતિમ સંસ્કાર કઈ રીતે કરવા. એનું કારણ એ હતું કે અંતિમ સંસ્કાર માટે સ્મશાન ભૂમિ ન હોય, વરસતા વરસાદ વચ્ચે કઈ રીતે અગ્નિદાહ આપવો તેની ચિંતામાં ખાસ્સો સમય વેડફાયો. જોકે ત્યાર બાદ ગ્રામજનોએ વરસાદ હોવા છતાં અંતિમ સંસ્કારનો નિર્ણય લીધો અને ગ્રામજનો પણ ધોધમાર વરસાદ વચ્ચે જ્યાં અગ્નિદાહની વ્યવસ્થા હતી ત્યાં પહોંચી ખુલ્લામાં વરસતા વરસાદ વચ્ચે અગ્નિદાહ આપવામાં આવ્યો હતો.

પતરાનો શેડ ન હોવાથી સોલાર પેનલ નીચે આશરો લેવો પડે છે

સ્મશાનભૂમિ ન હોવા સાથે પતરાનો શેડ ન હોય ગ્રામજનોએ નજીકની સોલાર પેનલ નીચે વરસાદથી બચવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતાં. ત્યારે ગ્રામજનોએ ગામમાં સ્મશાન ભૂમિ હોવી જોઈએ ને એક મોટો શેડ પણ હોવો જોઈએ જેથી કરી શેડમાં લાકડા મુકવા અને વરસાદના ટાઈમે એમાં બેસવાની સુવિધા થઈ શકે. શું સ્થાનિક લોકપ્રતિધિઓ આ મુદ્દે ત્વરિત કાર્યવાહી કરશે. સ્થાનિકોએ જણાવ્યુ કે, જ્યાં સુધી શેડવાળો સ્મશાન ભૂમિ ન બને ત્યાં સુધી હાલે ચોમાસા દરમિયાન પંચાયતોને તાડપત્રી ફાળવવામાં આવે જેથી મુશ્કેલીમાં થોડો ઘટાડો થઈ શકે.

ઉમરગામના દેહરી ગામમાં ભારે વરસાદથી દરિયાઈ ધોવાણ

પીડબ્લ્યુડી વિભાગને તૂટી ગયેલા રોડના સમારકામ માટે આદેશ

પ્રોટેક્શન વોલ માટે મંજૂર થયેલા ૧૫ કરોડ રૂપિયાના કામની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી વેગવંતુ બનાવવા સૂચના

ઉમરગામ : ઉમરગામ તાલુકાના દેહરી ગામની અસરગ્રસ્ત વિસ્તારની ધારાસભ્ય રમણભાઈ પાટકરે મુલાકાત લીધી હતી. અને દરિયાઈ ધોવાણ, તૂટી ગયેલા રોડ, સ્મશાન ગૃહ ,ક્રિકેટ ગ્રાઉન્ડનું નિરીક્ષણ કર્યું હતુ. અને અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

અતિ ભારે વરસાદ અને પૂરના કારણે ઉમરગામ તાલુકાના દેહરી ગામમાં અનેક ઘરોમાં પાણી ભરાયા હતા. દેહરી ભંડારવાડ વિસ્તારમાં સ્મશાન ગૃહ, બેઠક હોલ તથા રોડ, ક્રિકેટ ગ્રાઉન્ડ અને અને દરિયા કિનારે વ્યાપક પ્રમાણમાં ધોવાણ થયું હોય ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા તાલુકા પંચાયતના પ્રમુખ સંતોષભાઈ વળવીએ મુલાકાત લઇ નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા પંચાયતના સભ્ય વંદનાબેન માહ્યાવંશી, રામદાસભાઈ વરાઠા, સરપંચ ધનેશભાઈ, સભ્યો નીતિનભાઈ, પુષ્પાબેન, દિનેશભાઈ માહ્યાવંશી, નિકુંજભાઈ સમાજના આગેવાન સુભાષભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય રમણભાઈ પાટકરે પીડબ્લ્યુડી વિભાગના અધિકારીને તૂટી ગયેલા રોડનું સમારકામ તાત્કાલિક હાથ ધરવા સૂચના આપતા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી હતી. તેમણે અધિકારીઓને દેહરી ગામમાં જવાહરવાડીથી લઈને ભંડારવાડ રામવાડી ગોવાડા ઝાઈ બોર્ડર સુધી બાકી રહેલી 1435 મીટર લાંબી પ્રોડક્શન વોલ માટે રૂપિયા 15 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવેલા હોય તાત્કાલિક કામગીરી કરવા જણાવ્યું હતું.

ધારાસભ્યએ તાલુકા પંચાયતમાંથી સ્મશાન ગૃહ બનાવવા રૂપિયા 7,00,000 મંજૂર કરવા જણાવ્યું હતું.

ધારાસભ્ય રમણ પાટકરનો તથા તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈનો તથા અનાજની કીટ, ગાદી, તકિયા ચાદર વિગેરેની અસરગ્રસ્તોને જરૂરિયાતમંદોને મદદ કરનાર ડોમ્સ કંપનીના સંતોષભાઈ, તથા ચંદન સ્ટીલ અને ગલવા કંપનીનો તથા જિલ્લા કલેક્ટર નિતીન સાંગવાન, ડીડીઓ અતિરાગ ચપલોત, ટીડીઓ પરેશ પરમાર, મામલતદાર એચ.એચ કાકલોતર, કર્મચારીઓ, તલાટી અને સ્ટાફનો આભાર માન્યો હતો.

સંક્ષિપ્ત સમાચાર

લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દાનહનો ૭૩ મો મુક્તિ દિવસ ઉજવાયો

વાપી : લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત લાયન્સ ઇંગ્લિશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ તથા હવેલી ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા સંયુક્ત રીતે લાયન્સ ઇંગ્લિશ સ્કૂલના પ્રાંગણમાં દાદરા અને નગર હવેલીનો ૭૩ મો મુક્તિ દિવસ દેશભક્તિના ઉમંગ સાથે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના અધ્યક્ષ ફતેહસિંહ એમ. ચૌહાણ તથા વિશિષ્ટ અતિથિ તરીકે ઉપાધ્યક્ષ અનંતરાવ ડી. નિકમ ઉપસ્થિત રહ્યા હતા. અનંતરાવ ડી. નિકમના હસ્તે ધ્વજવંદન બાદ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે સંસ્થાના કોષાધ્યક્ષ વિશ્વેશ દવે, સંયુક્ત સચિવ જયેન્દ્રસિંહ રાઠોડ, સંયુક્ત કોષાધ્યક્ષ હીરાભાઈ પટેલ, મેનેજમેન્ટ સમિતિના સભ્ય અભિષેકસિંહ એફ. ચૌહાણ, પ્રાચાર્યા ડો. સીમા પિલ્લઈ, ઉપપ્રાચાર્યા ડો. જાન્હવી આરેકર, આચાર્યા નિરાલી પારેખ, ઉપઆચાર્યાઓ પારુલ ગુપ્તા અને મમતા નગરકોટી, પ્રાધ્યાપકો, શિક્ષકો, સભ્યો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ફતેહસિંહજી એમ. ચૌહાણે દાદરા અને નગર હવેલીના મુક્તિ સંગ્રામના વીર સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી જણાવ્યું કે તેમને અંતિમ વરિષ્ઠ પંચાયતના સાતમા અધ્યક્ષ તરીકે સેવા આપવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું, જે તેમના જાહેર જીવનનો ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ પ્રસંગ છે. તેમણે વિદ્યાર્થીઓને નેતૃત્વ ક્ષમતા વિકસાવવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમના અંતે ગુજરાતી વિભાગના વિભાગાધ્યક્ષા હર્ષા ભંડારી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

ડાંગ જિલ્લામાં વરસાદની ધાર ધીમી પડતા પ્રવાસીઓની ભીડ

સાપુતારા : ડાંગ જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદની ધાર ગત બે દિવસથી ધીમી પડતા જનજીવન ફરીથી થાળે પડ્યુ છે. બીજી તરફ મનમોહક વરસાદી માહોલ અને ગાઢ ધુમ્મસના કારણે જિલ્લાના વિવિધ પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. શનિવાર અને રવિવારે ગિરિમથક સાપુતારા, આહવા, વઘઇ, સુબિર સહિત પૂર્વ પટ્ટી અને સરહદીય વિસ્તારોમાં દિવસ દરમિયાન હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો. વરસાદનું જોર ઘટતા રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ડાંગ તરફ ઉમટી પડ્યા હતા. સાપુતારા ખાતે ઝરમર વરસાદ અને ગાઢ ધુમ્મસની સફેદ ચાદર વચ્ચે સમગ્ર પ્રકૃતિ મનમોહક બની જતાં પ્રવાસીઓએ કુદરતી સૌંદર્યનો ભરપૂર આનંદ માણ્યો હતો. પ્રવાસીઓએ બોટિંગ, રોપવે સહિત વિવિધ એડવેન્ચર પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લઈ વરસાદી વાતાવરણને યાદગાર બનાવ્યું હતુ. તો બીજી તરફ વઘઈના પ્રસિદ્ધ ગીરાધોધ અને બોટનિકલ ગાર્ડન વઘઇ તેમજ ગિરમાળ ગીરાધોધ ખાતે પણ પ્રવાસીઓનો જનસેલાબ ઉમટી પડ્યો હતો. ડાંગ જિલ્લામાં વવરસાદની ધાર ધીમી પડતાં અને કુદરત સોળે કળાએ ખીલી ઊઠતાં ડાંગ જિલ્લાના પ્રવાસન સ્થળો ફરી એકવાર પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હોવાનું જોવા મળ્યું હતુ.

ધરમપુરના વિલ્સન હિલ પર પ્રવાસીઓનું ઘોડાપૂર

વલસાડ : વલસાડ જિલ્લામાં પાછલા દિવસોમાં પડેલા ભારે વરસાદ બાદ રવિવારે મેઘરાજાએ વિરામ લેતાં સૂર્યનારાયણે દર્શન દીધા હતા. એક તરફ વલસાડ શહેરમાં દિવસ દરમિયાન તડકો ખીલ્યો હતો, તો બીજી તરફ 'દક્ષિણ ગુજરાતના મિની સાપુતારા' તરીકે ઓળખાતા ધરમપુર તાલુકાના પ્રખ્યાત હિલ સ્ટેશન વિલ્સન હિલ પર અદભુત વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વિલ્સન હિલ પર આહલાદક વાદળછાયું વાતાવરણ અને ગાઢ ધુમ્મસની ચાદર પથરાઈ જતાં સમગ્ર વિસ્તાર પ્રાકૃતિક સૌંદર્યથી ખીલી ઉઠ્યો હતો. રવિવારની રજા હોવાની સાથે જ ફ્રેન્ડશિપ ડે હોવાથી વિલ્સન હિલ પર સવારથી જ પ્રવાસીઓનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. મિત્રોના જૂથો, યુવાનો અને પરિવારો પ્રકૃતિના ખોળે આ ખાસ દિવસની ઉજવણી કરવા મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ધુમ્મસભર્યા વાતાવરણમાં સેલ્ફી લેવા, પોઇન્ટ્સ પરથી ખીણનો નજારો માણવો અને ઝરમર વરસાદી વાતાવરણની મજા લેવા માટે વિલ્સન હિલ પ્રવાસીઓથી છલકાઈ ગયું હતું. પ્રવાસીઓની ભારે ભીડને પગલે વિલ્સન હિલ તરફ જતા રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. સ્થાનિક તંત્ર અને પોલીસ દ્વારા વાહનવ્યવહાર સુચારૂ રહે તે માટે જરૂરી બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. તડકા અને વરસાદી વાતાવરણના આ અનોખા મિશ્રણે રવિવાર અને ફ્રેન્ડશિપ ડેની ઉજવણી માટે આવેલા પ્રવાસીઓની મજા બમણી કરી દીધી હતી.

સંક્ષિપ્ત સમાચાર

દમણના મગરવાડા સબ સ્ટેશનમાં આગ લાગી

દમણ : સંઘપ્રદેશ દમણના મગરવાડાના 220-66 કે.વી. સબ સ્ટેશનના આઈ.સી.ટી. વિભાગના યુનિટમાં લાગી હતી. આગે જોત જોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ભીષણ આગના ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાવા પામ્યા હતા. ઘટનાની જાણ થતા મોટી દમણ અને નાની દમણના 6 થી 7 ફાયર ફાયટરોની ટીમ આવી પાણી અને ફોમનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનાને પગલે મોટી દમણના અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ જવા પામ્યો હતો. જો કે, આ આગની ઘટનામાં સબ સ્ટેશનના સાધનો અને અન્ય વીજ સામગ્રીઓ બળીને ખાખ થઈ જવા પામ્યા છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી બહાર આવ્યું નથી. પરંતુ કોઈ ટેક્નિકલ ખામી સર્જાવાના કારણે આગ લાગવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ખેરગામમાં પૂરગ્રસ્ત પરિવારોને 250 રાશન કીટનું વિતરણ

ખેરગામ : ખેરગામ તાલુકામાં પૂરની પરિસ્થિતિને કારણે અસરગ્રસ્ત બનેલા પરિવારોને સહાય પહોંચાડવા ખેરગામ તાલુકા ભાજપ સંગઠન દ્વારા માનવતાભર્યો સેવા યજ્ઞ હાથ ધરવામાં આવ્યો હતો. સંગઠન દ્વારા તાલુકાના વિવિધ પૂરગ્રસ્ત ગામોમાં 250 જેટલી રાશન કીટ સીધી લાભાર્થીઓના ઘરે જઈને વિતરણ કરવામાં આવી હતી. આ સેવા કાર્ય ખેરગામ તાલુકા ભાજપ પ્રમુખ લીતેશ ગાવિતના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. આ પ્રસંગે મહામંત્રી વિજય રાઠોડ, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ મુકેશ પટેલ, કારોબારી અધ્યક્ષ જીગ્નાબેન પટેલ, જાગૃતિબેન ગજજર સહિત ભાજપના કાર્યકરો જોડાયા હતા.

દાનહમાં ૭૩માં મુક્તિ દિવસની ઉજવણી, રાષ્ટ્રધ્વજ લહેરાયો

કલેક્ટરે સ્વાતંત્ર્ય સેનાનીઓના અમૂલ્ય બલિદાનને નમન કર્યા, વિકાસ પ્રત્યે પ્રશાસનની કટિબદ્ધતા દોહરાવી



વાપી : સંઘપ્રદેશ દાદરા અને નગરહવેલી પ્રશાસન દ્વારા જિલ્લા સચિવાલય, સેલવાસના પરિસરમાં ૭૩મા મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર પ્રિયાંક કિશોરે ધ્વજવંદન અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો.

કલેક્ટરે સ્વાતંત્ર્ય સેનાનીઓના અમૂલ્ય બલિદાનને શ્રદ્ધાપૂર્વક નમન કર્યા હતા અને પ્રદેશના સર્વાંગી વિકાસની કટિબદ્ધતા દોહરાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, પ્રશાસક પ્રફુલ પટેલના નેતૃત્વર્ગ હેઠળ શિક્ષણ, આરોગ્ય, ગ્રામીણ વિકાસ, ઉદ્યોગ, પ્રવાસન, રમતગમત અને આપદા પ્રબંધન જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. દાનહમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા મફત સ્કૂલ કિટ્સ, સાયકલ વિતરણ અને નવી શાળાઓનું નિર્માણ થઈ રહ્યું છે, જેના પરિણામે 'પરખ' (PARAKH) ૨૦૨૪ સર્વેક્ષણમાં દેશમાં ૫ મો ક્રમ અને ૨૦૨૬ની બોર્ડ પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામ મળ્યું છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૬માં મોનસૂન મહોત્સવનું આયોજન, સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા ઉદ્યોગો અને રોજગારીમાં વધારો, સેલવાસની નમો હોસ્પિટલનું રાષ્ટ્રીય સન્માન અને સાયલીમાં 'નમો સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ'નો આંતરરાષ્ટ્રીય સ્તરે વિકાસ જેવી મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાસલ થઈ છે. જુલાઈ ૨૦૨૬ના પૂર દરમિયાન પ્રશાસન અને સેનાએ સંયુક્ત રીતે હાથ ધરેલી બચાવ કામગીરીનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. આ કાર્યક્રમમાં સાંસદ કલાબેન ડેલકર, સ્થાનિક જનપ્રતિનિધિઓ, પોલીસ અધિક્ષક, વહીવટી અધિકારીઓ અને અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. અંતે 'વંદે માતરમ્' તથા રાષ્ટ્રગાન સાથે સમારોહ પૂર્ણ થયો હતો.

બેંક એકાઉન્ટ ભાડે આપી કમિશન મેળવતી ટોળકીનો પર્દાફાશ

નવસારી : સાયબર ગુનાઓ સામે ચાલી રહેલા 'ઓપરેશન મ્યુલ હંટ' અંતર્ગત જલાલપોર પોલીસે બોગસ બેંક એકાઉન્ટ ભાડે આપી કમિશન મેળવતી ટોળકીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી બે સાયબર ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે. કોર્ટ દ્વારા ત્રણેયના એક દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. ટોળકી સામાન્ય લોકોના નામે બેંક ખાતાં ખોલાવી તેમને 7 હજાર આપી ચેકબુક, પાસબુક, એટીએમ કાર્ડ અને અન્ય બેંકિંગ વિગતો પોતાના કબજામાં લઈ સાયબર ગુનાઓમાં તેનો ઉપયોગ કરતી હતી. કેન્દ્ર સરકારની I4C પાસેથી મળેલી માહિતીના આધારે તપાસ દરમિયાન એક બેંક ખાતામાં 23.61 લાખના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન સામે આવ્યા હતા. પોલીસે સત્યપ્રકાશ કમલેશનારાયણ પાંડે, આરીફ બાદશાહ શેખ અને સંતોષ શિવકુમાર પટેલની ધરપકડ કરી છે.

પેરા ગામે ધરાશાયી થયેલા આવાસની ધારાસભ્યએ મુલાકાત લીધી

નવસારીઃ નવસારી તાલુકાના પેરા ગામમાં શુક્રવારે હળપતિવાસ વિસ્તારમાં એક આવાસ ધરાશાયી થતાં એક જ પરિવારના આઠ સભ્યો ઈજાગ્રસ્ત થયા હતા. તમામને સ્થાનિક લોકોની મદદથી બહાર કાઢી 108 એમ્બ્યુલન્સ મારફતે નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. રવિવારે જલાલપોરના ધારાસભ્ય આર.સી. પટેલે અસરગ્રસ્ત પરિવારની મુલાકાત કરી અધિકારીને પીડિત પરિવારને તાત્કાલિક નવું આવાસ અને જરૂરી સરકારી સહાય ઉપલબ્ધ કરાવવા સૂચના આપી હતી.

સોના-ચાંદીના વેપારીઓને લાખોનો ચૂનો ચોપડનાર કુખ્યાત ઠગ ઝડપાયો

નવસારી-વલસાડમાં 6 ગુનાઓ આચરનાર આરોપી પાસેથી રૂપિયા 2.24 લાખનો મુદ્દામાલ જપ્ત

નવસારીઃ નવસારી અને વલસાડ જિલ્લાના સોના-ચાંદીના વેપારીઓને વિશ્વાસમાં લઈ લાખો રૂપિયાની છેતરપિંડી આચરનાર કુખ્યાત આરોપી હુસેન યુસુફભાઈ પારડીવાલા (રહે. કિલ્લા પારડી, વલસાડ)ને નવસારી એલ.સી.બી. પોલીસે ઝડપી પાડ્યો છે. ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે ભેસત ખાડા વિસ્તારમાંથી તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આરોપી પાસેથી ટીવીએસ સ્પોર્ટ્સ મોટરસાઈકલ, રોકડ રકમ, મોબાઈલ ફોન અને સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂ. 2,24,325નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે શેરબજારમાં મોટું આર્થિક નુકસાન થતાં આરોપીએ સોના-ચાંદીના વેપારીઓનો વિશ્વાસ જીતી દાગીના ગીરો મૂકવાના બહાને માલ લઈ ફરાર થવાની મોડસ ઓપરેન્ડી અપનાવી હતી. કેટલાક બનાવોમાં તેણે ખાતામાં રૂપિયા જમા કરાવ્યાનો ભ્રમ ઉભો કરી વેપારીઓ સાથે છેતરપિંડી પણ કરી હતી. આરોપીએ પારડી, જીઆઈડીસી, અતુલ અને વલસાડ સહિતના વિસ્તારોમાં રૂ. 1.55 લાખથી રૂ. 2 લાખ સુધીની અનેક છેતરપિંડી આચરી હતી. નવસારી ટાઉન, ચીખલી, બિલીમોરા, વલસાડ ટાઉન અને મરીન ઉમરગામ પોલીસ મથકોમાં તેના વિરુદ્ધ કુલ 6 ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. હાલ પોલીસે આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી અન્ય ગુનાઓ અંગે તપાસ હાથ ધરી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેમ્બ્રાએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૫૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૫૪ ૪૦૦૦ । ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૫૪ ૪૦૨૨
અધિકૃત અધિકારી - શ્રી રોહન શાહ; સંપર્ક નંબર- ૮૩૨૦૦ ૭૪૯૫૯
અધિકૃત અધિકારી - પૂજા ગોયેલ; સંપર્ક નંબર- ૯૯૧૩૪ ૬૫૦૧૯
IDFC FIRST Bank

ઇન્વેન્ટરી વસ્તુઓ એકત્રિત કરવાની છેલ્લી તકની સૂચના

આથી જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદાર (ઓ) અને જમીનદાર (ઓ) ને સૂચના આપવામાં આવે છે કે **તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કેજે "નિલકંઠ ડ્રિમ હાઉસ" તરીકે જાણીતો ફેસ-૧ ના રો હાઉસ નં.૪૦, ચણોદ ગ્રામ પંચાયત હાઉસ નં.૯૧૮૩, માપ ૧૧૨૫ ચો.ફુટ એટલે ૧૦૪.૫૨ ચો.મી સુપર બિલ્ટઅપ એરિયા, જેનો રેરા કારપેટ એરિયા માપ ૫૬.૦૦ ચો.મી, બાલ્કની માપ ૧૦.૦૦ ચો.મી, ઓટલા માપ ૧.૫૮ ચો.મી, અને પાણીની ટાંકી માપ ૧૦.૦૦ ચો.મી, જુનો પ્લોટ નં.૩૩/એ નવો પ્લોટ નં.૫૮૯/એ એકીકરણ પછી તેનો નવો સર્વે નં.૫૬૯/૯ જે જમીન માપ ૬૯.૬૪ ચો.મી, રેવન્યુ સર્વે નં. ૧૪૫, ગામ.ચણોદ, તા.વાપી, જી.વલસાડ, ગુજરાત– ૩૯૬૧૯૧ ખાતે આવેલ છે: - પૂર્વ:** રો હાઉસ નં. ૦૯, **પશ્ચિમ:** આંતરિક રોડ, **ઉત્તર:** રો હાઉસ નં. ૪૧ **અને દક્ષિણ:** રો હાઉસ નં. ૩૯ **સિક્યોર્ડ લેણદારને ગીરવે મુકેલ/ચાર્જ કરેલ,** જેનો પ્રત્યક્ષ કબજો આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, અને ૧૧ ઓગસ્ટ,૨૦૨૬ ના રોજ "જેમ છે જ્યાં છે", "જેમ છે તેમ છે", અને "જે કંઈ છે તે" ના દરે વેચવામાં આવશે, જેથી આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને 1) અભિલેશ તિવારી અને 2) અર્ચના તિવારી પાસેથી રૂ. **૨૪,૬૭,૩૭૦.૦૯ /- ની વસૂલાત કરી શકાય.**

આ નોટિસ દ્વારા દેવાદારો અને સહ-દેવાદારોને આ નોટિસના પ્રસિધ્ધિ ના ૭ (સાત) દિવસની અંદર ઉપરોક્ત મિલકતમાં રહેલી ઇન્વેન્ટરી વસ્તુઓ એકત્રિત કરવા માટે છેલ્લી અને અંતિમ સૂચના આપવામાં આવે છે, અન્યથા બેંકને ઇન્વેન્ટરી વસ્તુઓ વેચવાનો અધિકાર રહેશે અને વેચાણની રકમ વેચાણ પર થયેલા નુકસાન/ ઇન્વેન્ટરી વસ્તુઓના સંચાલન, વ્યવસ્થા, વેચાણમાં થયેલા ખર્ચ/કરવાના ખર્ચ અથવા ઉપરોક્ત ઇન્વેન્ટરી વસ્તુઓના સંબંધમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલા/કરવાના કોઈપણ ખર્ચ સામે જાળવી રાખશે, ગીરવે મૂકેલી મિલકતના વેચાણ પર થયેલા નુકસાન સામે વેચાણની રકમને પણ સમાયોજિત કરશે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
એસડી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ જાણીતી આઈડીએફસી બેંક લિમિટેડ)